# રે.દિ.મુ.નં.૬૪/૨૦૨૪

## –:: આંક– ૧૬ લગત હુકમ ::–

(૧) પ્રતિવાદી નં. ૫,૬ તથા ૧૧ થી ૧૬ તરફે હાલની અરજી સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૭ રુલ ૧૧ મુજબ દાખલ કરી વાદીની દાવા અરજી રદ્દ કરવા વિનંતી કરેલ છે. સદરહું અરજીના અનુસંધાને વાદી તરફે આંક– ૧૭ થી તેમનો લેખીત જવાબ રજુ કરેલ છે.

(૨) પ્રતિવાદી નં. ૫,૬ તથા ૧૧ થી ૧૬ ની આંક–૧૬ ની અરજીનુ સ્વરુપ અને તેનો પ્રકાર અને તેનો હાર્દ ઘ્યાને લેતા, વાદીએ દાવાવાળી મીલકતમાં ૪૦ વર્ષથી કબજો આવેલ હોવાનો પુરાવો રજુ કરેલ નથી અને હાલની અરજી કરતાં પ્રતિવાદીઓએ તેઓના હીસ્સાની જમીન જીગ્નેશકુમાર જયંતીભાઈ પટેલને તા. ૧૬/૭/૨૦૨૪ ના રોજ વેચાણ આપેલ હોય જે હકિકત દાવાના કામે છુપાવેલ છે અને સદરહુ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ ન હોય તથા કલમ–૮૦ મુજબની નોટીસ આપેલ ન હોય તે મુદદે વાદીએ દાવા અરજી રદ કરવાની દાદ માંગેલ છે.

પ્રતિવાદી નં. ૫,૬ તથા ૧૧ થી ૧૬ તરફે તેઓના વિ.વ.શ્રી ઘ્વારા આંક–૧૬ ની અરજીને સમર્થનકારક જયારે વાદીતરફે વિ.વ.શ્રી એચ.ડી.પટેલ ઘ્વારા દાવા અરજી તથા આંક–૧૭ થી રજુ કરેલ લેખીત જવાબને સમર્થનકારક દલીલ કરેલ છે.

(૩) આ તબકકે સી.પી.સી.ઓર્ડર–૭ રુલ ૧૧–ડી ઘ્યાને લેતા દાવા અરજીમા લખેલ મજકુર ઉપરથી એમ જણાય કે કોઈ કાયદાથી દાવો ચલાવવાનો બાઘ આવે છે તો દાવા અરજી નામંજુર કરવી જોઇએ. દાવા અરજીમા લખેલ મજકુર ઉપરથી ન્યાયીક અદાલતને એમ જણાય કે દાવા અરજી એ કાયદાથી કોઈ બાઘ આવતો હોય તો ન્યાયીક અદાલત દાવાના ગમે તે સ્ટેજે વાદીની દાવા અરજી નામંજુર કરી શકે છે.

(૪) દાવા અરજી નામંજુર કરતી વખતે ન્યાયીક અદાલતે કયાં પાસાઓ તથા સંજોગો

ધ્યાને લેવા જોઈએ અને પ્રતિવાદી દ્વારા આવા સ્વરુપની અરજી દાખલ  કરેલ હોય અનેપ્રતિવાદીની આવા સ્વરુપની અરજીનો નિર્ણય કરતી વખતે ન્યાયીક અદાલતે શું ધ્યાને લેવુ જોઈએ તે બાબતે ના.હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલા કાનુની સિધ્ધાંતો સદરહું અરજીના ન્યાયીક નિર્ણય માટે મહત્વના હોય જે અત્રે ટાંકવા આવશ્યક જણાતા હોય જેથી જે નીચે મુજબ ટાંકેલ છે.

- **Sopan Sukhdeo Sable & Ors vs Assistant Charity Commissioner** ના કેસમા ના.સુપ્રિમ કોર્ટ દ્વારા એવુ ઠરાવેલ છે કે

(09)Before dealing with the factual scenario, the spectrum of Order VII Rule 11 in the legal ambit needs to be noted.

(10) In Saleem Bhai and Ors. v. State of Maharashtra and Ors. (2003 (1) SCC 557) it was held with reference to Order VII Rule 11 of the Code that the relevant facts which need to be looked into for deciding an application thereunder are the averments in the plaint. The trial Court can exercise the power at any stage of the suit - before registering the plaint or after issuing summons to the defendant at any time before the conclusion of the trial. For the purposes of deciding an application under clauses (a) and (d) of Order VII Rule 11 of the Code, the averments in the plaint are the germane; the pleas taken by the defendant in the written statement would be wholly irrelevant at that stage.

(13) It is trite law that not any particular plea has to be considered, and the whole plaint has to be read. As was observed by this Court in Roop Lal Sathi v. Nachhattar Singh Gill (1982 (3) SCC 487), only a part of the plaint cannot be rejected and if no

cause of action is disclosed, the plaint as a whole must be rejected. (14) In Raptakos Brett & Co.Ltd. v. Ganesh Property (1998 (7) SCC 184) it was observed that the averments in the plaint as a whole have to be seen to find out whether clause (d) of Rule 11 of Order VII was applicable.

(15) There cannot be any compartmentalization, dissection, segregation and inversions of the language of various paragraphs in the plaint. If such a course is adopted it would run counter to the cardinal canon of interpretation according to which a pleading has to be read as a whole to ascertain its true import. It is not permissible to cull out a sentence or a passage and to read it out of the context in isolation. Although it is the substance and not merely the form that has to be looked into, the pleading has to be construed as it stands without addition or subtraction or words or change of its apparent grammatical sense. The intention of the party concerned is to be gathered primarily from the tenor and terms of his pleadings taken as a whole. At the same time it should be borne in mind that no pedantic approach should be adopted to defeat justice on hair- splitting technicalities.

- **P.V. Guru Raj Reddy & Anr vs P. Neeradha Reddy & Ors** ના કેસમા ના.સુપ્રિમ કોર્ટ દ્વારા એવુ ઠરાવેલ છે કે

  5. Rejection of the plaint under Order VII rule 11 of the CPC is a drastic power conferred in the court to terminate a civil action at the threshold. The conditions precedent to the exercise of power under Order VII rule 11, therefore, are stringent and have been

consistently held to be so by the Court. It is the averments in the plaint that has to be read as a whole to find out whether it discloses a cause of action or whether the suit is barred under any law. At the stage of exercise of power under Order VII rule 11, the stand of the defendants in the written statement or in the application for rejection of the plaint is wholly immaterial. It is only if the averments in the plaint ex facie do not disclose a cause of action or on a reading thereof the suit appears to be barred under any law the plaint can be rejected. In all other situations, the claims will have to be adjudicated in the course of the trial.

6. In the present case, reading the plaint as a whole and proceeding on the basis that the averments made therein are correct, which is what the Court is required to do, it cannot be said that the said pleadings ex facie discloses that the suit is barred by limitation or is barred under any other provision of law. The claim of the plaintiffs with regard to the knowledge of the essential facts giving rise to the cause of action as pleaded will have to be accepted as correct. At the stage of consideration of the application under Order VII rule 11 the stand of the defendants in the written statement would be altogether irrelevant.

- **Jageshwari Devi and others v/s Shatrughan Ram** ના કેસમા ના.સુપ્રિમ કોર્ટ દ્વારા એવુ ઠરાવેલ છે કે

3. The main ground on which rejection of the plaint was sought was that the plaint does not disclose a cause of action which is a ground specified under Order 7 Rule 11(a) CPC. The trial court on

consideration of the averments in the plaint held, and in our view rightly, that it could not be held that the plaint does not disclose a cause of action. It is relevant to state that there is a difference between the non-disclosure of a cause of action and defective cause of action: while the former comes within the scope of Order 7 Rule 11, the latter is to be decided during trial of the suit. The contention raised on behalf of the appellant that the cause of action disclosed is vague and incomplete, is not a ground for rejection of the plaint, under Order 7 Rule 11 CPC no exception can be taken to the order.

- **Gujarat Maritime Board vs Jogadia Polymers Pvt. Ltd.** ના કેસમા ના.ગુજરાત હાઈકોર્ટ દ્વારા એવુ ઠરાવેલ છે કે

  (26) While considering application under Order VII Rule 11 CPC, the Court is not required to take into consideration the defence set up by the defendant in its written statement. The question whether the plaint discloses any cause of action is to be decided by looking at the averments contained in the plaint itself and not the defence set up in the written statement. What is to be seen is whether or not the meaningful reading of the plaint discloses cause of action. While considering the application, the strength or weakness of the case of the plaintiff is not to be seen. The Court should look at the plant and documents accompanying the plaint and not the defence of the defendant or the documents relied upon by the defendants. The cause of action is to be culled out on a conjoint reading of all the paragraphs of the plaint. There is a difference between non

disclosure of cause of action in the plaint and the absence of cause of action for the suit. It is not competent for the Court to go into the correctness or otherwise of all the allegations constituting the cause of action, correctness or otherwise of the allegations constituting the cause of action is beyond purview of Order VII Rule 11[a] CPC where the allegations made in the plaint prima facie discloses cause of action, the plaint cannot be rejected.

(૫) આમ ઉપરોકત કાનુની ચુકાદાઓમા પ્રસ્થાપિત થયેલા કાનુની સિધ્ધાંતો તથા પક્ષકારોના વિ.વ.શ્રી તરફે રજુ કાનુની નિર્ણયોમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા પ્રતિવાદીની હાલની અરજીનો નિર્ણય કરતી વખતે ન્યાયીક અદાલતે પ્રતિવાદીનો બચાવ ધ્યાને લેવાનો નથી. પ્રતિવાદીએ તેમના પક્ષ નિવેદનમા ઉઠાવેલ તકરાર સદરહું અરજીના નિર્ણયના તબકકે અપ્રસ્તૃત બની જાય છે. દાવા અરજીમા જે મજકુર વાદીએ જણાવેલા છે તે મજકુરને ટુકડા પાડીને વંચાણે લેવાનો નથી પરંતુ સમગ્ર દાવા અરજી ધ્યાને લઈ દાવા અરજી પરથી ન્યાયીક અદાલતને એવુ માનવાને કારણ રહે કે દાવા અરજીના મજકુરને અન્ય કાયદાથી બાધ નડે છે તો તેવા સંજોગોમા ન્યાયીક અદાલત દાવાના ગમે તે સ્ટેજે સી.પી.સી.ઓર્ડર ૭ રુલ ૧૧ થી નિહિત થયેલ સત્તાનો ઉપયોગ કરી દાવા અરજી નામંજુર કરી શકે છે.વધુમાં કાનુની પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ સમગ્ર દાવા અરજીમા કરેલ મજકુર ધ્યાને લઈ શોધી કાઢવાનુ રહે છે તે શું દાવા અરજી સી.પી.સી.ઓર્ડર ૭ રુલ ૧૧ ના પરીપેક્ષમા પડે છે કે કેમ ? અને તે તબકકે દાવા અરજીના મજકુરના પેરેગ્રાફ કે વાકયરચના ઉપરથી નકકી કરી શકાય નહી, પરંતુ સમગ્ર દાવા અરજીને વાંચીને અને તેના હાર્દ ઉપરથી સદરહું મુદૃો નકકી થઈ શકે છે.

વધુમા, દાવા અરજીના ઘડતર અને રચના ઉપરથી જો દાવો ત્રાસદાયક અને જુલ્મી

હોય તો તેવા દાવાને શરુઆતના તબકકે સદરહું જોગવાઈઓનો ઉપયોગ કરી ન્યાયીક પ્રક્રિયામાંથી દુર કરી શકાય. કાનુની પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ હોશીયારીપુર્વકના દાવાના ઘડતર ઉપરથી જો દાવાના કારણ સબંધે શંકા ઉત્પન્ન થાય અગર તો દાવાનુ કારણ પ્રસ્થાપિત થતુ ન હોય તો તેવા હોશીયારીપુર્વકના પ્લીડીગ્સથી ઘડાયેલ દાવાને ન્યાયીક અદાલત દાવાની ઈન્સાફી કાર્યવાહીના ગમે તે સ્ટેજે સદરહું જોગવાઈઓનો ઉપયોગ કરી વાદીની દાવા અરજી નામંજુર કરી શકે છે.

(૭) આમ, પ્રતિવાદીની અરજીના ન્યાયિક નિર્ણય માટે દાવા અરજી અને તેને સમર્થનમા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પ્રસ્તુત બની જાય છે. પ્રતિવાદી નં. ૫,૬ તથા ૧૧ થી ૧૬ ધ્વારા હાલની અરજીમાં ઉઠાવેલ તકરાર ધ્યાને વાદીએ દાવાવાળી મીલકતમાં ૪૦ વર્ષથી કબજો આવેલ હોવાનો પુરાવો રજુ કરેલ નથી અને હાલની અરજી કરતાં પ્ર તિવાદીઓએ તેઓના હીસ્સાની જમીન જીગ્નેશકુમાર જયંતીભાઈ પટેલને તા.૧ ૬/૭/૨૦૨૪ ના રોજ વેચાણ આપેલ હોય જે હકિકત દાવાના કામે છુપાવેલ છે અને સદરહુ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ ન હોય તથા કલમ–૮૦ મુજબની નોટીસ આપેલ ન હોય તે મુદદે વાદીએ દાવા અરજી રદ કરવાની દાદ માંગેલ છે. આમ હાલની અરજીમાં ઉઠાવેલ તકરારને દાવા અરજી સાથે વંચાણે લેતાં, વાદીની દાવા અરજી સીપીસી. ઓર્ડર ૭, રૂલ ૧૧(એ) ના પરિપ્રેક્ષમાં પડતી ન હોવાનુ અત્રેની અદાલતને માનવાને કારણ છે. વધુમાં કલમ–૮૦ મુજબની નોટીસ આપેલ ન હોવાનું તકરાર ઉઠાવેલ છે પરંતુ વાદીધ્વારા સદરહુ નોટીસ વેવ કરવાની અરજી આપેલ હોવાનું રેકર્ડ પરથી ફલીત થાય છે. આમ દાવા અરજીના મજકુર ધ્યાને લેતા, તથા માંગેલ દાદ વંચાણે લેતા હાલની અરજી ઉપરોકત કારણો અને ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતના પ્રકાશમાં ગ્રાહય પાત્ર ઠરતી ન હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) દિવાની કાર્યરીતિ સંહિતા,૧૯૦૮ ના હુકમ–૭ નિયમ–૧૧ મુજબ પ્રતિવાદી નં. ૫,૬ અને ૧૧ થી ૧૬ ની આંક–૧૬ ની અરજી **આથી નામંજુર** કરવામાં આવે છે.

(૨) ખર્ચ સંબંધે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૦ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

હિંમતનગર
તારીખ–૧૦/૦૯/૨૦૨૫

( એમ.આઈ.એન.શેખ)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હિંમતનગર
**(જજ કોડ –જી.જે.૦૧૩૨૭)**